સુવિચાર : 'પ્રિત' માટે તો મારી આખી જીંદગી ઓછી પડી છે.. ખબર નહીં લોકો નફરત કરવા સમય ક્યાંથી કાઢી લેતા હોય છે - સુરેશ દલાલ

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૬૯ | ૧૯ મે, ૨૦૧૫, મંગળવાર ; જેઠ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે સાત સમજૂતિઓ પર હસ્તાક્ષર

Page-6

# ગાંધીનગરમાં રાજ્યની સૌથી વધુ ગરમી

## છેલ્લા ત્રણ દિવસથી મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રીથી વધુ રહેતા વસાહતીઓના આરોગ્ય પર વિપરીત અસર થઈ રહી છે : આકાશમાંથી અંગારા વરસતા નગર સુમસામ બન્યુ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં સતત ત્રીજા દિવસે મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રીથી વધુ રહેતા અસહ્ય ગરમીની અસર જનજીવન પર સ્પષ્ટપણે જણાઈ રહી છે. આજે મહત્તમ તાપમાન રેકોર્ડ બ્રેક ૪૪.૬ ડિ.સે. નોંધાતા વસાહતીઓ આખો દિવસ ઘરમાં પુરાયેલા રહ્યા હતા. દિવસ અને રાત સતત લુ ફુંકાતા વસાહતીઓના આરોગ્ય પર તેની વિપરીત અસર જોવા મળી રહી છે.


હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે જ સમગ્ર ગુજરાતમાં હીટવેવની અસર જોવા મળી રહી છે. રાજ્યના મોટાભાગના શહેરોનુંતાપમાન ૪૩-૪૪ ડિગ્રીની આસપાસ રહ્યું છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પારો ૪૪-૪૫ ડિગ્રીની આસપાસ ફરી રહ્યો છે. શનિવારથી શરૂ થયેલી રેકોર્ડબ્રેક ગરમી આજે સતત ત્રીજા દિવસે યથાવત રહી છે. આજે મહત્તમ તાપમાન ૪૪.૬ ડિ.સે. નોંધાતા તે ચાલુ સિઝનનું સૌથી વધુ તાપમાન રહ્યુ હતુ.

### રાજ્યના શહેરોનુ તાપમાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| ગાંધીનગર | ૪૪.૬ | ૨૮.૫ |
| અમદાવાદ | ૪૪.૦ | ૨૮.૦ |
| અમરેલી | ૪૩.૭ | ૨૬.૦ |
| સુરેન્દ્રનગર | ૪૩.૭ | ૨૭.૫ |
| ડીસા | ૪૩.૪ | ૨૭.૬ |
| કંડલા એરપોર્ટ | ૪૩.૪ | ૨૭.૦ |
| ઈડર | ૪૩.૨ | ૨૯.૦ |
| રાજકોટ | ૪૩.૧ | ૨૬.૬ |
| વડોદરા | ૪૨.૫ | ૨૮.૬ |
| ભુજ | ૪૧.૨ | ૨૬.૫ |

વહેલી સવારથી જ સૂરજ આકરા મીજાજમાં જોવા મળ્યો હતો. સૂર્યોદય થતાં જ ભારે ગરમી પડવાનો પ્રારંભ થઈ ચુક્યો હતો. નવ વાગતા સુધીમાં તો જાણે સૂર્ય મધ્યાહને પહોંચી ગયો હોય તેવી આકરી ગરમીપડવાલાગી હતી. આકાશમાંથી જાણે અગનગોળા વરસતા હોય તેવુ લાગતુ હતુ. ભારે ગરમીની અસર શરૂ થતાં જ વસાહતીઓ સવારથી જ ઘરમાં પુરાઈ ગયા હતા. કર્મચારીઓ પણ ફટાફટ ઓફિસ ભેગા થઈ ગયા હતા. આખો દિવસ ખુબ ગરમી પડતા વસાહતીઓએ બજારમાં જવાનુ કે ખરીદી કરવાનુ ટાળ્યુ હતુ. ઘરાકીના અભાવે અને ગરમીના કારણે વેપારીઓએ પણ આખો દિવસ દુકાનો બંધ રાખી હતી. કર્મચારીઓ પણ ઓફિસની બહાર ન નીકળતા મીનાબજારમાં પણ ભીડ ઓછી જોવા મળી હતી. છેક મોડી સાંજે સૂર્યાસ્ત બાદ બજારોમાં થોડીઘણી ખરીદી થતી જોવા મળી હતી. શહેરના માર્ગો આખો દિવસસુમસામ લાગતા હતા. એકલ દોકલ વાહનો સિવાય કોઈ અવરજવર માર્ગોપર જોવા મળી ન હતી. લગ્નગાળો ચાલતો હોવા છતાં

● અનુસંધાન પાન-૭ પર





(તસવીર : દિપક જાની)

# રાજ્યભરમાં અગનવર્ષા : જનજીવન ખોરવાયું

અમદાવાદ, તા.૧૮

રાજ્યભરમાં આગામી બે દિવસ દરમિયાન હિટવેવની સ્થિતિ રહે તેવી ચેતવણી તંત્ર દ્વારા જારી કરવામાં આવી છે. હિટવેવની ચેતવણી વચ્ચે આજે પણ પારો રાજ્યના ઘણા ભાગોમાં ૪૪થી પણ ઉપર રહ્યો હતો. અમદાવાદ શહેરમાં પણ આજે પારો ૪૪ રહ્યો હતો જ્યારે પાટનગર ગાંધીનગરમાં પારો ૪૪.૬ સુધી પહોંચ્યો હતો. ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. હવામાન વિભાગ તરફથી જારી કરવામાં આવેલી આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદ શહેરમાં આવતીકાલે મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીની આસપાસ રહી શકે છે જ્યારે આજે સૌથી વધુ તાપમાન ગાંધીનગરમાં નોંધાયું હતું. હવામાન વિભાગ તરફથી આગામી બે દિવસ દરમિયાન હિટવેવની ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ તંત્ર ચિંતાતુર બનેલું છે. હાલમાં જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હિટવેવની સ્થિતિને ધ્યાનમાં લઈને તથા લોકોને વધુ રાહત આપવાના હેતુસર કેટલાક મહત્વના નિર્ણયો કર્યા હતા. હવામાન વિભાગની આગાહીમાં જણાવાયું છે કે, ગરમીથી લોકોને હાલ રાહત મળશે નહીં. આજે સોમવાર હોવાથી તમામ કારોબાર ખુલ્લા રહ્યા હતા જેથી સવારથી જ લોકોએ સાવચેતી રાખી વહેલી તકે ઘરમાંથી નિકળી ગયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# વરસાદી પાણીના કુદરતી નિકાલના સ્રોત નજીકના દબાણો હટાવાશે

## ચોમાસા દરમ્યાન કર્મચારી અધિકારી પૂર્વ મંજૂરી વિના હેડક્વાર્ટર છોડી શકશે નહિ : ભીમજીયાણી

ગાંધીનગર, તા. ૧૮

વરસાદી પાણીના કુદરતી નિકાલના સ્રોતની આગળ જો ગેરકાયદે દબાણ થયા હોય તો તેને તાત્કાલિક દૂર કરવાના આદેશો જારી કરવામાં આવ્યા છે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભીમજીયાણીની અધ્યક્ષતામાં ચોમાસાની પૂર્વતૈયારીની સમીક્ષા માટે મળેલી બેઠકમાં ચોમાસા દરમ્યાન તમામ કર્મચારી-અધિકારીને પૂર્વ મંજૂરી વિના હેડ ક્વાર્ટર નહિ છોડવાની પણ કડક તાકીદ કરવામાં આવી છે.

આ બેઠકના આરંભે જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે. એમ. ભીમજીયાણીએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના અધિકારી કર્મચારીઓને જિલ્લાના જિલ્લા કક્ષાના અને તાલુકા કક્ષાના તમામ અધિકારીશ્રીઓની કચેરીના લેન્ડ લાઈન નંબર સાથે સાથે મોબાઈલ નંબરની યાદીની યોગ્ય ચકાસણી કરીને અધતન કરવા જણાવ્યું હતુ. તમામ અધિકારીશ્રીઓને પોતાનું હેડ ક્વાર્ટર વિના મંજૂરી ન છોડવા માટે સૂચના આપી હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકર શ્રી વી. જી. કાલરિયાએ જણાવ્યું હતું કે, ગાંધીનગર શહેર સહિત દહેગામ, માણસા અને કલોલ શહેરમાં કન્સ્ટ્રકશન વધી જવાથી કુદરતી રીતે નિકાલ થતાં પાણીના સ્ત્રોત્ર બંધ થઈ જવાના પરિણામે વધુ વરસાદ થવાથી પાણીનો ઝડપી નિકાલ થતો નથી. જેથી પાણીના ઝડપી નિકાલ માટે સુચારું આયોજન કરવા તમામ મામલતદાર અને ચીફ ઓફિસરશ્રીઓને તેમણે સૂચના આપી હતી. તેમજ કુદરતી રીતે આવન જાવન કરતા પાણીના સ્ત્રોત્ર આગળ ગેરકાયદેસર દબાણ કરેલ હોય તો તેને દૂર કરવા મામલતદારશ્રીઓને જણાવ્યું હતું. તે ઉપરાંત કાંસ અને સિંચાઈ વિભાગને કાંસની સફાઈ કરીને તે અંગેનો લેખિતમાં રીપોર્ટ કરવા પણ સંબંધિત અધિકારીશ્રીઓને ભારપૂર્વક જણાવ્યું હતું.

ગાંધીનગર શહેર સહિત તમામ સ્થળોએ જયાં ચોમાસા દરમ્યાન પાણી ભરાઈ રહે છે, તેવી જગ્યાએથી પાણીનો ઝડપી નિકાલ થાય તે માટે પણ સુવ્યસ્થિત આયોજન કરવા અને પાણીના નિકાલની પાઈપલાઈન હોય તો યોગ્ય સફાઈ કરવા ખાસ જણાવ્યું હતું.

વધુમાં તેઓશ્રીએ વરસાદી સમયમાં માર્ગો પર ઝાડ પડી જવા કે ભૂવા પડી જાય તેવા સમયે ત્વરિત -શ્રોનો ઉકેલ આવે તે માટે સંબંધિત અધિકારીશ્રીઓને ભારપૂર્વક જણાવ્યું હતું. તેમજ તંત્ર પાસે રહેલી તમામ મશીનરીની યોગ્ય ચકાસણી કરવા અને તમામ અધિકારીશ્રીઓના સંપર્ક નંબર અપડેટ કરવાની વાત પર ખાસ ભાર મુક્યો હતો. તેની સાથે સાથે તમામ મામલતદારોને

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

કાળઝાળ ગરમીથી પરેશાન - ગાંધીનગર શહેરમાં હીટવેવના પગલે કરફ્યુનો માહોલ સર્જાયો હતો... શેરડીના કોલાવાળા શ્રમિક ગ્રાહકોની રાહમાં અને ગરમીથી પરેશાન નિરાશ બનીને ઝોકુ ખાઈ રહ્યો છે...

# કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલી ૨૬મી મે એ ગુજરાત આવશે



ગાંધીનગર, તા.૧૮

કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલી આગામી ૨૬ મી મેના રોજ એક દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે.

કેન્દ્રની નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની ભાજપ સરકારના શાસનને ૨૨મી મે એ એક વર્ષ પૂર્ણ થતું હોઈ એક વર્ષના શાસન દરમિયાન ભાજપ સરકાર દ્વારા કરવામાં આવેલ કામોને લોકો સુધી પહોંચાડવા માટે ૨૨મી મે થી ૨૬મી મે દરમિયાન ઉજવણી કરવામાં આવનાર છે.

જેના ભાગરૂપે કેન્દ્રના નાણા મંત્રી અરૂણ જેટલી ૨૬મી મેના રોજ એક દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન તેઓ સાંસદ તરીકે લીધેલા વડોદરા જિલ્લાના દત્તક ગામની પણ મુલાકાત લઈને આ ગામમાં કરવામાં આવેલ વિકાસ કામોની સમીક્ષા કરશે.

# કલોલમાં ઝુંપડાવાસીઓ માટેની આવાસ યોજનાનું ૨૨મીએ ભૂમિપૂજન

## ઝુંપડપટ્ટીના રહીશો માટે ૨૪૨૧ આવાસની રાજીવ આવાસ યોજનાનું મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે આ ભૂમિપૂજન કરાશે : રૂ. ૯૮ કરોડના ખર્ચે આવાસો તૈયાર થશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં ૨૪૨૧ ઝુંપડપટ્ટીના પરિવારો માટે આવાસ યોજનાનું ૨૨મી મેના રોજ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના વરદહસ્તે ભૂમિપૂજન કરવામાં આવશે.

મુખ્યમંત્રી સ્વર્ણીમ શહેરી વિકાસ યોજના અંતર્ગત સ્લમ ત્યાં આવાસની યોજના અન્વયે રૂ. ૯૮.૫૮ કરોડના ખર્ચે આ આવાસો બાંધવામાં આવનાર છે.

કલોલ રાજીવ આવાસ યોજના નામાભિધાન આ યોજનાનું કરવામાં આવ્યુ છે. જેમાં ૭૫ ટકા નાણાં કેન્દ્ર સરકાર, ૧૫ ટકા નાણાં રાજ્ય સરકાર અને ૧૦ ટકા નાણાં લાભાર્થીએ આપવાના રહેશે. ૩૫ ચો.મી.ના ક્ષેત્રફળમાં ભોયતળિયા ઉપરાંત ત્રણ માળ અર્થાત ચાર મજલાના ફ્લેટ બનાવવામાં આવશે.

કલોલ રાજીવ આવાસ યોજના

● અનુસંધાન પાન-૭ પર

# ગૃહ વિભાગના અધિકારીઓની મુખ્ય સચિવના અધ્યક્ષપદે બેઠક મળી

ગાંધીનગર, તા. ૧૮

ઉચ્ચ પોલીસ અધિકારીઓને બઢતી આપવામાં થતાં અન્યાય અંગે કેટલાક અધિકારીઓ દ્વારા નારાજગી વ્યક્ત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે રાજ્યના મુખ્ય સચિવના અધ્યક્ષ પદે ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓને બઢતી આપવાના મામલે ચર્ચા થઈ હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં ઉચ્ચ પોલીસ અધિકારી સંવર્ગની કેટલીક જગ્યાઓ ખાલી છે છતાં પણ અધિકારીઓને બઢતી આપવામાં વિલંબની નીતિ અપનાવાઈ છે. એટલું જ નહી

● અનુસંધાન પાન-૭ પર

# પોલીસ ભરતી કૌભાંડમાં પાંચ અધિકારીઓ સસ્પેન્ડ

## રાજ્યના ગૃહ વિભાગ દ્વારા આખરે કડક કાર્યવાહી કરવામાં આવી : પીએસઆઈ પરીક્ષા માટે આવેલ બે મહિલા કોન્સ્ટેબલને ગ્રાઉન્ડ ટેસ્ટ લીધા વિના પાસ કરી દેવામાં આવી હતી : ભરતી પરીક્ષા ૧૯મીએ લેવામાં આવી

અમદાવાદ, તા.૧૮

રાજકોટ પોલીસ હેટક્વાર્ટર ખાતે યોજાયેલી ભરતીમાં અમરેલીની બે મહિલા કોન્સ્ટેબલને બારોબાર ગ્રાઉન્ડ ટેસ્ટ પાસ કરી દેવાના ભરતી કૌભાંડમાં સંડોવાયેલા ડીસીપી મનોજ નિનામા, એસપી એએલ ચૌધરી, ડીવાયએસપી રાકેશ દેસાઈને અંતે ગૃહ વિભાગે સસ્પેન્ડ કરી દેવાનો હુકમ કરતા પોલીસ તંત્રમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. જ્યારે બે પોલીસ કર્મચારીઓ સામે પણ આકરા પગલા તોળાઈ રહ્યાનું આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. ભરતી કૌભાંડમાં સંડોવાયેલા અન્ય બે પોલીસ કર્મચારીઓ સામે આકરા પગલા લેવા ગૃહ વિભાગે રાજ્યના પોલીસવડાને ભલામણ કરી છે. રાજ્યમાં તાજેતરમાં જ પોલીસ કર્મચારી અને પીએસઆઈની ભરતી કરવામાં આવી હતી. જાન્યુઆરી માસમાં સમગ્ર રાજ્યમાં પોલીસ કોન્સ્ટેબલ અને પીએસઆઈ માટે ગ્રાઉન્ડ ટેસ્ટ લેવામાં આવ્યા હતા જેમાં રાજકોટના પોલીસ હેડ ક્વાર્ટર ખાતે પણ ભરતી કરવામાં આવી હતી. પોલીસ હેડ ક્વાર્ટર ખાતે પીએસઆઈની ગ્રાઉન્ડ ટેસ્ટ માટે આવેલી અમરેલીની બે મહિલા કોન્સ્ટેબલને ગ્રાઉન્ડ ટેસ્ટમાં બારોબાર પાસ રકરી દેવામાંઆવી હતી જે અંગે હોબાળો થયો હતો.

બે મહિલા કોન્સ્ટેબલને ગ્રાઉન્ડ ટેસ્ટમાં પાસ કરી દેવાના કૌબાંડ અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત થયા બાદ ગૃહ વિભાગ દ્વારા રાજકોટ રૂરલના એસપી ગગનદીપ ગંભીરને તપાસ સોંપવામાં આળી હતી જેમાં સીસીટીવી ફુટેજ અને ભરતીમાં આવેલા અન્ય યુવકો અને યુવતીઓના નિવેદનો લેવામાં આવ્યા હતા જેમાં બે મહિલા કોન્સ્ટેબલના ગ્રાઉન્ડ ટેસ્ટ આપ્યા વગર જ પાસ કરી દેવામાં આળી હતી. એટલું જ નહીં પરંતુ એસપી ચૌધરીનો પુત્ર ભરતી વખતે ગ્રાઉન્ડમાં વચ્ચે આંટાફેરા કરતા જોવા મળ્યો હતો.

રૂરલ એસપી ગગનદીપ ગંભીર તપાસના અંતે ગૃહ વિભાગને રિપોર્ટ કર્યો હતો જેમાં ભરતી બોર્ડના સભ્ય અને રાજકોટના ડીસીપી તેમજ એસઆરપી ગ્રુપ ૧૩ના કમાન્ડર મનોજ નિનામા, પોલીસ હેડ ક્વાર્ટરના એસપી એએલ ચૌધરી, ગ્રાઉન્ડ ઈન્ચાર્જ ડીએસપી રાકેશ દેકાઈ પીઆઈ આરએલ પાંડોર અને અન્ય એક પોલીસ કર્મચારી સામે રિપોર્ટ ગૃહ વિભાગને મોકલી દીધો હતો. ગૃહ વિભાગે તપાસના રિપોર્ટના આધારે રાજકોટના ડીસીપી મનોજ નિનામા, એસપી ચૌધરી અને ડીવાયએસપી રાકેશ દેખાઈને કસુરવાર ઠેરવી ત્રણેય ઉચ્ચ પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવાનો હુકમ કર્યો હતો.

CBSE & GUJ. BOARD
Private, Personal & On-line Tuitions
Sir AJIT PILLAI
Mathematics & Science
Std. 8th to 12th
Convent Class of Education : 98258 38108